

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

છે લાંબા ગાળાની લડાઈ, આનો કોઈ અંત નથી !
છે શિસ્ત-નિયમમાં પ્રજા, આનો કોઈ તંત નથી !
પણ ખંત નથી રહ્યો હવે અંતવિહીન યુદ્ધે -
છે દીન-દુખી-મધ્યમ વર્ગનાં - કોઈ સંત નથી!

હાઈકુ

લડે છે લોકો -
જાણે ભાડુતી સેના -
મહાપરાણે...

મૃત્યુ - ચેપથી -
'બાવો આવ્યો'ની જેમ -
ડરાવો નહીં !

(જે વિસ્તારોમાં એક પણ નથી એ પણ કહો...)

### ચિંતન

એકાદશં મનોજ્ઞેયં સ્વગુણેનો ભયાત્મકમ્ ।
યસ્મિંજિતં જિતાવે તો ભવતઃ પંચકૌ ગુણૌ ॥

ઉપરોક્ત શ્લોક હિતોપદેશમાંથી લેવામાં આવેલ છે.

પોતાના ગુણ પ્રમાણે મન એ અગિયારમી ઈન્દ્રીય છે. જેના ઉપર કાબુ મેળવી લેવાથી બાકીની પેલી દસેય ઈન્દ્રિયો ઉપર આપોઆપ કાબુ આવી જાય છે.

માનવી - પ્રયત્ન - તપ - ઉપવાસ અને અનેક ઉપાસના કરી શસીરની દસ ઈન્દ્રિયો પર કાબુ મેળવવા પ્રયત્નો કર્યા કરે છે. આ પરિશ્રમ પછી માની લ્યો કે દસે ઈન્દ્રિયો પર વિજય પણ મળી જાય તો પણ જો મન વિચલિત હોય - આપણા કહ્યામાં ન હોય, એની મરજી મુજબ ભટકતું હોય, તમારા આત્મા અને આત્માના અવાજ પર એની લગામ હોય તો બધું તપ નકામું જાય છે. મહાઋષિ વિશ્વામિત્ર જેવા પણ તપોનિષ્ઠ હતા પણ મેનકાએ એમના મનને વિચલિત કરી નાખ્યું હતું.

### સુવિચાર

- નાનકડું દેવું કોઈ માણસને તમારો દેવાદાર બનાવે છે અને મોટું દેવું એને તમારો દુશ્મન બનાવે છે - **સેનેકા**
- સાચા નાગની 'ફેણ' કરતાં, ખોટા માણસની 'તરફેણ' વધારે ઝેરી હોય છે - **જીવનપાથેય**
- કભી અપને સપનોં કો હકીકત કી દુનિયા દિખાઓ, ખુદ કો ઈસ દુનિયા મેં આઝમાઓ, દુનિયા મેં સબસે અલગ અપની પહચાન બનાઓ - **બદ્રીનારાયણ શર્મા**
- કોણ છેતરી જાય મને એ તો જાણે સમજાય છે
  પણ હું છેતરું રોજ મને એનો ખુલાસો કયાં થાય છે? - **નૂર પોરબંદરી**
- કેટલાક લોકોને મારી સલાહ એટલી ગમે છે કે તેનો ઉપયોગ કરવાને બદલે તેઓ ક્વૉટ તરીકે દિવાલ પર ટીંગાડી રાખે છે - **ગોર્ડન મુર**
- બધાનો સાથ રાખવો.... પણ .... સાથમાં સ્વાર્થ ન રાખવો... - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : પાંચ ગ્રામ વિરીયાળી + પાંચ ગ્રામ ગોળ સવાર બપોર સાંજ ખાવાથી બહેનોને માસિક ચક્ર નિયમિત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

લેનિન એક આદર્શ લોકનેતા હતા. તેમના શત્રુઓએ તેમના પર હુમલો કર્યો. તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. આ જ સમયે એક અગત્યની રેલવે લાઈન તુટી ગઈ. જો આ રેલવે સમયસર રીપેર ના થાય તો રશિયાને ખૂબ નુકશાન થાય એવું હતું. લેનિનને ચિંતા થઈ. તેમણે મનોમન નક્કી કર્યું અને સામાન્ય મજૂરનો વેશ ધારણ કરી એ રેલવે લાઈનના સમારકામમાં જોતરાયેલા મજૂરોના ટોળામાં સામેલ થઈ ગયા. સૌનો ઉત્સાહ વધારવા તથા સેવા કાર્યમાં લાગી ગયા. કામ પૂર્ણ થયું. અધિકારીઓને જાણ થઈ ગઈ એક અધિકારીએ લેનિનને કહ્યું, 'આપના જેવા મહાન લોકનેતાએ પોતાનું સ્વાસ્થ્ય જાળવવું જોઈએ. આવા સખત શ્રમનું કામ કરવું યોગ્ય નહોતું. આપની તબિયત દેશ માટે પણ ચિંતાનો વિષય છે.' લેનિન હસતાં હસતાં જવાબ આપ્યો. 'સંકટ સમયે આવા કાર્યમાં જે જોતરાય ના એવા લોકનેતા શા કામના ??' આદર્શ નેતા એને જ કહી શકાય જે લોકનું કલ્યાણ કરવાનું ચૂકે નહીં. એમનું પ્રથમ કર્તવ્ય લોકસેવા હોય.

# પ્રતિભાઓની વિદાયવેળાએ...

**તંત્રીસ્થાનેથી...**

કોરોના કાંડને કારણે આ લોકડાઉન તબક્કા દરમિયાન કેટલીક અત્યંત જાણીતી હસ્તીઓ કાયમને માટે આ ફાની દુનિયા છોડી ગઈ હોવા છતાં એમની લેવાવી જોઈએ એવી નોંધ નથી લેવાતી. વિશ્વને એક અત્યંત માંગલિક પ્રવાસભૂમિ ગણીને વિહરતા આવા ઉચ્ચ આત્માઓ માટે તો એમની હયાતી કે વિદાયની નોંધ લેવાય કે ન લેવાય એનો કોઈ જ મહિમા ન હોય. પરંતુ એમના વિશિષ્ટ પ્રદાનને જોતાં પાછળ જીવતા રહેલા ભાવકો અને પ્રશંસકોને જરૂર ભોંઠપ અનુભવાતી હશે. સાંઈ મકરંદ આપણા ફિલસૂફ કવિ તરીકે જાણીતા હતા. એમણે જિંદગીનો ઉત્તરાર્ધ સર્વહારા સમુદાય મવચ્ચે ધરમપુર નજીક નંદિગ્રામ આશ્રમ ખાતે ગાળ્યો. એમને સુખદ સાંનિધ્ય સાંપડ્યું હતું. 'ઈશા કુંદનિકા' અર્થાત્ સુપ્રસિદ્ધ લેખિકા કુંદનિકા કાપડીયાનું. મકરંદ દવેની વિદાય પછી પણ નંદિગ્રામ આ સાક્ષાત દુર્ગા સમાં સર્જક મહિલાને કારણે ખબકતું અને વિકસતું રહ્યું હતું. 'પરમ સમીપે' પ્રકારની આધ્યાત્મિક ચેતનાનાં ગદ્યકાવ્યો લખનારાં કુંદનિકા બહેનનું વિશેષ પ્રદાન ગુજરાતી વાર્તા - નવલકથા ક્ષેત્રે રહ્યું છે. નારીચેતનાની ઝુઝારુ નવલકથા 'સાત પગલાં આકાશમાં' એમની સર્જનયાત્રાનું સર્વોચ્ચ શિખર હતું. આ નવલકથા માટે લેખિકાને કેન્દ્રની સાહિત્ય અકાદેમીએ પણ નવાજ્યાં હતાં. ૨૯ એપ્રિલે મધરાત પછી એમને ક્ષણભંગુર કાયાનાં બંધનોમાંથી મુક્તિ મેળવી ત્યારે તેઓ ખાસ્સાં નેવું વર્ષ પછીના દાયકામાં ચાલી રહ્યાં હતા. પૂર્ણ આયુષ્ય ભોગવી પોતાનું પ્રાપ્ત કર્મ સંપન્ન કરી વિદાય થયેલાં ઈશા કુંદનિકા માટે મૃત્યુ તો એક મહોત્સવ જ ગણાય. પરંતુ એમની ચિરવિદાયથી ગુજરાતી સાહિત્યને અપૂરણીય ક્ષતિ પહોંચી છે એટલું જ નહિં, આવાં ઉદાત્ત અને સર્વહારા સમુદાયના ઉત્થાનને વરેલાં વરિષ્ઠત્તમ સર્જકની ગેરહાજરીથી ગુજરાતી મહિલા સર્જકોને એક અનન્ય પ્રેરણામૂર્તિની સવિશેષ ખોટ વર્તાશે.

બોલીવુડથી લઈ હોલીવુડ સુધી અભિનયનાં અજવાળાં પાથરનારા યુવાન અભિનેતા ઈરફાન ખાનની વિદાયથી ફિલ્મજગતમાં મોટો અવકાશ સરજાયો છે. વિશિષ્ટ અભિનય અને વિશિષ્ઠ થીમ આધારીત 'પીકુ' જેવી ફિલ્મોને કારણે ઈરફાન ખાન અન્ય વધુ જાણઈતા ખાનબંધુઓ કરતાં મૂઠી ઊંચેરા કલાકાર સાબિત થયા હતા. ટૂંકી કારકિર્દીમાં આટલી મોટી નામના બહુ ઓછા અભિનેતાઓ પ્રાપ્ત કરી શક્યા છે. ઈરફાનખાનને તો એન્ડોક્રાઈન ટ્યૂમર સામે ઝીંક ઝીલીને પણ જીવવું હતું. સતત બે વર્ષ એ જીવલેણ બીમારીને હંફાવતા રહેલા આ પ્રખર કલાકારે ૯૫ વર્ષની વયે વિદાય થયેલાં જનેતાની આંગળી પકડીને ત્રીજા જ દિવસે અનંદની યાત્રાએ ઊપડી ગયા ત્યારે સદીના મહાનાયક ગણાતા અમિતાભ બચ્ચન પણ એમની કોટિના કલાધરની વહેલી વિદાયથી વિચલિત થઈ ગયા તે સૂચક છે. કોરોના ઈફેક્ટ તો જુઓ : આવા મહાન અભિનેતાના જનાજામાં ફક્ત કુટુંબીજનો અને થોડા અંગત મિત્રો સિવાય કોઈ જાણીતી હસ્તીઓ સામેલ ન થઈ શકી. સમયની બલિહારી તે આનું નામ.

# ગોવિંદને ભજ, ગોવિંદને...!






**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્યની જન્મતિથિ વૈશાખ સુદ પાંચમ છે. (ઈ. સ. ૭૮૮) અને એમની નિર્વાણતિથિ વૈશાખ સુદ ચૌદશ છે. (ઈ.સ. ૮૨૦)

એમની એક મનોહર લયમધુર ગોવિંદસ્તુતિ છે. 'દ્વાદર્શપંજરિકાસ્તોત્ર.' આ બાર શ્લોક જાણે કે ગોવિંદને પ્રિય પંજરી છે. એનો આ સારાંશ છે :

મૂરખ ! ગોવિંદને ભજી લે, ગોવિંદને,

મૂરખ ! ધન ભેગું કરવાની લાલસા છોડી દે. મનમાંથી બધી આસક્તિ કાઢી નાખ. બુદ્ધિ નિર્મળ રાખ. નસીબમાં જે મળ્યું છે, એનાથી મનને આનંદમાં રાખ. આ સંપત્તિ પોતે જ અનર્થ છે, તું સમજી લે. એમાં ખરેખર જરા પણ સુખ નથી. ધનિકને તો પોતાના દીકરા તરફથી પણ ભય રહે છે. બધી બાબતમાં આમ જ હોય છે. (૧-૨)

કોણ તારી પત્ની ? કોણ તારો પુત્ર ? તું કોનો છે ? તું કોણ છે ? ક્યાંથી આવ્યો છો ? સાઈ ! તું આવા વિચાર કર. આ સંસાર ભારે વિચિત્ર છે. ધન, નોકર-ચાકર-યુવાની - આ બધાનું અભિમાન ન રાખ. કાળ પળવારમાં આ બધું હરી લે છે. આ સમગ્ર સંસાર માયાવી છે. એને છોડી દે. ઈશ્વરનાં સ્થાનને જાણી લે અને એમાં તું પ્રવેશી લે. (૩-૪)

કામ, ક્રોધ, મોહ અને લોભને છોડી દે. પોતાની જાતનો વિચાર કર - 'હું કોણ છું ?' પોતાની જાતને ઓળખતો નથી, એ જ મૂરખ છે.આવા લોકો નરકમાં સબડ્યા કરે છે અને હેરાન થાય છે. દેવમંદિરનો આશરો, વૃક્ષના મૂળ પાસે નિવાસ, ભૂમિ ઉપર શય્યા મૃગચર્મનું વસ્ત્ર, તમામ પ્રકારના સંગ્રહ અને ભોગવટાનો ત્યાગ - આ બધું વૈરાગ્યમાં છે. એ કોને સુખ ન આપે ? (૫-૬)

શત્રુ, મિત્ર, પુત્ર, સ્વજન - આ બધામાં સુમેળનો કે અણબનાવનો પ્રયત્ન ન જ કર. બધાં તરફ સમભાવ કેળવ. તું જો વિષ્ણુપદ ઈચ્છતો હો, તો તરત મળી જશે. તારામાં, મારામાં કે બીજામાં વિષ્ણુ જ છે. કોઈને માટે તું નકામો ગુસ્સે થાય છે. સહનશીલ થા. દરેકમાં પોતાની જાતને નિહાળ, ભેદ છે, એ જ અજ્ઞાન છે; છોડી દે (૭-૮)

પ્રાણાયામ, સંયમ, સાચાખોટાનો વિવેક - આ બધાનો ખ્યાલ કર. ઈશ્વરનું ધ્યાન કરવાનો નિર્ણય કર. આ જ ઉત્તમ નિર્ણય છે. કમળવેલનાં પાંદડાં ઉપર ઝાકળ પડ્યું હોય, એ જેવું ચંચળ હોય; એનાથી વધુ ચંચળ માનવજીવન છે. આ સંસાર રોગ અને ખોટા મહત્ત્વથી ભરેલો છે; તેથી શોકગ્રસ્ત છે. (૯-૧૦)

અરે પાગલ ! તું અઢારે અઢાર દેશની ચિંતા છોડી દે. તને કોઈ પૂછવારું નથી ? તને એ, હાથેથી મજબૂર બાંધી દે અને ઈશ્વરનું જ્ઞાન આપે ? ગુરુના ચરણ કમળમાં આસક્ત રહે, એવો ભક્ત તરત જ સંસારને છોડી શકે. તું ઈન્દ્રિયો અને મનને સંયમમાં મૂકી દે તરત તને તારા હૃદયમાં ઈશ્વર દેખાશે.

આ દ્વાદશપંજરિકા છે.એ શિષ્યોના ઉપદેશ માટે છે. પરંતુ જેના પોતાનામાં જ વિવેક નથી, એને તો નરકની યાજના જ છે. (૧૧-૧૨-૧૩)

# આધુનિક વિશ્વના પ્રથમ રાજનૈતિક વિચારક કોને માનવામાં આવે છે ?

## વિશ્વનો ઈતિહાસ



**ખજાનો**

અનિલ પટેલ

૧ માનવી વચ્ચે મુક્ત હતો,પણ આજે તે સર્વત્ર બેનમાં છે ? આ વિધાન કોનું છે ?
(અ) ટોલ્સટોય (બ) રૂસો
(ક) કાર્લ માર્કસ (ડ) વોલ્તેર

૨ મિરાબો, લાયાફેત અને રોલ્સ પિયર નેતાઓ કઈ ક્રાંતિ સાથે જોડાયેલા હતા?
(અ) ફ્રાન્સની ક્રાંતિ (બ) રશિયન ક્રાંતિ
(ક) અમેરિકન ક્રાંતિ (ડ) ચીનની ક્રાંતિ

૩ વ્લાડીમીર ઈલિક ઈત્યાનોવ કયા નામે જાણીતા હતા ?
(અ) હિટલર (બ) નેપોલીયન
(ક) લેનીન (ડ) સિકંદર

૪ તાઓ ધર્મની સ્થાપના કોણે કરી હતી ?
(અ) હેરોડોટ્સ (બ) રૂસો
(ક) વર્જિલ (ડ) મહાત્મા લાઓત્સે

૫ બાઈબલનો જૂનો કરાર કઈ ભાષામાં લખાયેલ છે?
(અ) હિબ્રૂ (બ) ગ્રીક
(ક) રોમન (ડ) અરબી

૬ વર્સેલની સંધી કઈ સાલમાં થઈ હતી?
(અ) ઈ.સ. ૧૯૦૧ (બ) ઈ.સ. ૧૯૦૯
(ક) ઈ.સ. ૧૯૧૯ (ડ) ઈ.સ. ૧૯૨૯

૭ 'એક રાષ્ટ્ર, એક નેતા'નો નારો કોણે આપ્યો હતો ?
(અ) નેપોલિયન (બ) હિટલર
(ક) લેનીન (ડ) બિસ્માર્ક

૮ ધર્મ સુધારણા આંદોલનના મુખ્ય પ્રવર્તક કોણ હતા ?
(અ) મેકયાવલી (બ) જોસેફ મેજીની
(ક) રૂસો (ડ) માર્ટિન લ્યુથર કિંગ

૯ યુરોપમાં પુનઃ જાગૃતિનો પ્રારંભ કયા શહેરમાંથી શરૂ થયો હતો ?
(અ) ફલોરેન્સ (ઈટાલી) (બ) પેરિસ (ફ્રાન્સ)
(ક) જીનીવા (સ્વીત્ઝર્લેન્ડ) (ડ) બ્રસેલ (બેલ્જિયમ)

૧૦ 'સોશિયલ કોન્ટેક્ટ' કોની રચના છે ?
(અ) માર્થિન લ્યૂથર (બ) રૂસો
(ક) લાઓત્સે (ડ) બિસ્માર્ક

૧૧ આધુનિક વિશ્વના પ્રથમ રાજનૈતિક વિચારક કોને માનવામાં આવે છે ?
(અ) મેક્યાવલી (બ) માર્ટિન લ્યૂથર
(ક) જયોર્જ વોશિંગ્ટન (ડ) લેનીન

૧૨ અમેરિકાને પૂર્ણ સ્વતંત્રતા કઈ સાલમાં મળી હતી ?
(અ) ઈ.સ. ૧૭૭૩ (બ) ઈ.સ. ૧૭૭૬
(ક) ઈ.સ. ૧૭૮૫ (ડ) ઈ.સ ૧૭૯૦

૧૩ 'એક ઝાર, એક ચર્ચ અને એક રશિયા'નું સૂત્ર કોણે આપ્યું હતું ?
(અ) નિકોલસ બીજાએ (બ) મેક્યાવલીએ
(ક) જોસેફ મેજીની (ડ) લેનીન

૧૪ વિશ્વ ઈતિહાસના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) હોમરે (બ) હમ્બુરાબી
(ક) હેરોડોટસ (ડ) મેગલીન

૧૫ એરીસ્ટોટલ, પ્લેટો, અને સોક્રેટીસ કયા દેશ સાથે સંકળાયેલા છે ?
(અ) ઈટલી (બ) જર્મની
(ક) ફ્રાન્સ (ડ) ગ્રીસ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧ મે : ગુજરાત રાજય સ્થાપના દિવસ**
  - હિન્દી ફિલ્મોના અભિનેતા સ્વ. બલરાજ સહાનીનો જન્મદિવસ (૧૯૧૩)
  - મુંબઈ રાજયમાંથી ગુજરાત રાજયની સ્થાપના થઈ (૧૯૬૦)
  - વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક ડેવિડ લિવિંગ્સટનનું નિધન (૧૮૭૩)
  - જર્મનીના સરમુખત્યાર હિટલરનું અવસાન (૧૯૪૫)
- **૨ મે :**
  - ભારતીય કલાત્મક ફિલ્મોના પિતામહ સત્યજીત રે નો જનમદિવસ (૧૯૨૧)
  - વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટના સફળ સુકાની બ્રાયન લારાનો જન્મદિવસ (૧૯૬૯)
  - ચિત્રકાર અને વૈજ્ઞાનિક લિયો નાર્દો-દ વિન્ચીનું નિધન (૧૫૧૯)
  - વી કે કૃષ્ણમેનનની જનમજયંતિ (૧૯૨૧)
- **૩ મે : સૂર્ય દિન**
  - ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ ઝાકીર હુસૈનનું નિધન (૧૯૬૯)
  - સુભાષચંદ્ર બોઝે 'ધ ઓળ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક'ની સ્થાપના કરી (૧૯૩૯)
  - બ્રિટનમાં પ્રથમ સફળ હૃદય પ્રત્યારોપણ કરવામાં આવ્યું (૧૯૬૮)
  - ભારતની પ્રથમ ફીચર ફિલ્મ 'રાજા હરિશંચંદ્ર'નું મુંબઈમાં પ્રદર્શન (૧૯૧૩)
- **૪ મે :**
  - ગુજરાતી સાહિત્યના સમર્થ નાટ્કયકાર ચંદ્રવદન મહેતા (ચં ચી મહેતા)નો જન્મદિવસ (૧૯૦૧)
  - યુગોસ્લાવીયાના રાષ્ટ્રનાયક વડાપ્રધાન અને પ્રમુખ માર્શલ ટીટોનું નિધન (૧૯૮૦)
  - અમેરિકાના જોન બ્રાઉનની જનમજયંતિ (૧૮૦૦)
  - ટેલીકોમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ લાવનાર સામ પિત્રોડાનો જન્મદિવસ (૧૯૪૨)
- **૫ મે :**
  - અપ્રતિમ સૌંદર્ય અને અદ્‌ભૂત આત્મશ્રદ્ધાના આદર્શ એવા નેપોલીયન બોનાપાર્ટનું નિધન (૧૮૨૧)
  - સાહિત્યકાર ડૉ. મોતી શર્મા પ્રકાશનો જન્મદિવસ (૧૯૩૧)
  - જાણીતા દાર્શનિક અને વિચારક કાર્લ માર્કસનો જન્મદિવસ (૧૮૧૮)
  - સુરેન્દ્રનાથ બેનરજી પત્રકાર તરીકે જેલમાં જનાર પ્રથમ વ્યક્તિ બન્યા (૧૮૩૩)
- **૬ મે :**
  - પંડિત જવાહરલાલના પિતા મોતીલાલનો જન્મદિવસ (૧૮૬૧)
  - મહાત્મા ગાંધીને પૂણેથી આગ્રા મહેલ જેલમાં મુક્ત કરાયા (૧૯૪૪)
  - ગ્વાટેમાલા વિદ્રોહીઓને શાંતિ કરાર કર્યા (૧૯૬૬)
  - સિગ્મન્ડ ફ્રોઈડની જન્મજયંતિ (૧૮૫૬)
- **૭ મે :**
  - 'ચાબખા' નામના મૌલિક અને માર્મિક કાવ્ય પ્રકારનું સર્જન કરનાર 'ભોજા ભગત'નો જન્મદિવસ (૧૭૯૫)
  - સાહિત્યકાર પન્નાલાલ પટેલની જન્મજયંતિ (૧૯૧૨)
  - પાંડુરંગ વા. કાણેની જન્મજયંતિ (૧૮૮૦)
  - વૈજ્ઞાનિક એડવિન જમીનનો જન્મદિવસ (૧૯૦૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ભારતમાં કયા દિવસને ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવામાં આવે છે ? જવાબ : ૧૧ મે**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) મિત પટેલ : સે-૨૩ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જૂ. સાયન્સ કોલેજ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કયા ફિલ્મ કલાકારનું દુઃખદ નિધન થયું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# ભાઈઓને ખખડાવવાનો અધિકાર બહેનોને છે



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

ભાઈ-બહેનમાં એકબીજા માટે રહેલી ત્યાગની આ ભાવના હવે શિક્ષણના ક્ષેત્રે પણ જોવા મળે છે. પોતાના ભાઈના સારા પરિણામ માટે ભાઈને જેટલો આનંદ હોય છે તેટલો જ આનંદ બહેનને પણ હોય છે. અન્ય વિદ્યાર્થીઓ સામે પોતાના ભાઈને નીચો ન જોતી એક બહેન ભાઈના સારા પરિણામનો પ્રચાર અને પ્રસાર વાયુવેગે ગૌરવ સાથે અન્યને જણાવવા તત્પર રહેતી હોય છે.

તેનાથી ઉલ્ટું નબળા પરિણામ માટે ઘરમાં ભાઈને ખખડાવીને સાંત્વન આપનારું જો કોઈ હોય તો તે સૌ પ્રથમ બહેન જ હોય છે. નાની બહેન પણ પોતાના મોટા ભાઈની દરકાર લેતી થઈ ગઈ છે. શાળાએ સાથે જતાં ભાઈ બહેન રિસેસમાં પણ ભાઈનો જાયા વગર કે પૂછ્યા વગર નાસ્તો નથી કરતી. નાસ્તો શું બનાવવો તો પણ તેનું વાક્ય હોય છે, 'મને તો બધું જ ભાવે છે, ભાઈને પૂછી લો ને, તેને ભાવતું હોય તે બનાવો.' ભાઈ અને બહેનના દફતરને ફંફોસવાનો પ્રયત્ન કરજો. કોની પાસે કેટલી વસ્તુઓ છે સાથે કોની પાસે નવી વસ્તુઓ છે. બજારમાંથી બહેન માટે નવી વસ્તી ઘરમાં લાવવામાં આવે તો બહેન ભાઈની જૂની વસ્તુ લઈ લેશે અને નવી વસ્તુ પોતાના ભાઈને આપશે.

ઉપરોક્ત બાબતો તો શાળા કક્ષાએ જોવા મળે જ છે. પણ ભાઈ માટે પોતાના જીવનપથની આહૂતિ આપતી ઘણી બહેનો આજે પણ જોવા મળે જ છે. પોતાના વાલીની આર્થિક સ્થિતિનો ખ્યાલ બહેનો જેટલા પ્રમાણમાં રાખે છે તેટલા પ્રમાણમાં ભાઈઓ રાખતા નથી. ચાલશે, ભાવશે અને ફાવશેની પરિસ્થિતિનો સ્વીકાર જેટલા પ્રમાણમાં છોકરી કરે છે તેટલા પ્રમાણમાં છોકરાઓ કરતા નથી જે આજના સમાજની વાસ્તવિકતા છે. ઉચ્ચ અભ્યાસ માટે પોતાના પપ્પાની આર્થિક સ્થિતિનો વિચાર કરતી છોકરી સામાન્ય પ્રવાહ - ફેકલ્ટી પસંદ કરશે. પોતાના પપ્પાને સમજાવશે કે ભાઈને ભણાવવો છે. તમે તેના માટે ખર્ચ કરજો. માટે તો જે હશે તે ચાલશે. આજે પણ એવી અનેકાનેક બહેનો છે કે જેમણે પોતાના વાલીની આર્થિક સ્થિતિ સમજીને, વાલી પર વધુ આર્થિક બોજો ન પડે અને વાલીની શક્તિના તાણાવાણા માપીને પોતે સારી ગણાતી ફેકલ્ટીમાં પ્રવેશ નહીં લે પણ પોતાના ભાઈને સારી ફેકલ્ટી પસંદ કરાવશે. અરે ભાઈના અભ્યાસને પૂર્ણતાને આરે પહોંચાડવા માંગતી બહેન પોતાના અભ્યાસને અધવચ્ચે છોડી દેશે. માટે તો ત્યાગમૂર્તિ ગણાતી આવી બહેનોના મોઢે કવિઓને શબ્દો આપ્યા છે, 'ખમ્મા વીરાને જાઉ વારણે રે લોલ... કોણ હલાવે પિપળી ને કોણ હલાવે લીંબડી.'

એવું એક પણ ઘર નહીં હોય, જયાં નાની ઉંમરના બાઈબહેન ઝઘડતાં નહીં હોય, વાતવાતમાં ઝઘડતા આ ભાઈબહેનમાં અંતે વિજય ભાઈનો જ હોય છે. જેની પાછળનું કારણ ભાઈની સચ્ચાઈ નથી હોતું. પણ બહેનનું સમર્પણ હોય છે. આ ઝઘડો જ તેમની વચ્ચે પ્રેમનો પુલ બાંધે છે. માટે જ મોટી ઉંમરે પોતપોતાના ઘરમાં દૂર દૂર રહેતાં ભાઈબહેનના પ્રેમમાં ઓટ આવતી નથી. સો કે હજારો માઈલ દૂર રહેતા એવા એક પણ ભાઈબહેન નહીં હોય કે જેઓ મનોમન પોતાના ભાઈ કે બહેનને દરરોજ યાદ ન કરતા હોય. સામાજિક કારણોસર સાળા-બનેવી વચ્ચે ટકરાવ થયો હોય તો પણ બહેનનું હૃદય ભાઈ તરફ જ નમેલું જોવાના હજારો કિસ્સા સમાજમાં જોવા મળે છે. જેનો અર્થ એ થાય કે બહેનમાં નાની કે મોટી ઉંમરે સમર્પણ, ત્યાગની ભાવના રહેલી જ હોય છે. ભાઈબહેનમાં ભાઈએ બહેનન ખખડાવી હોય તેવા કિસ્સા ખૂબ જ ઓછા જાણવા જોવા મળે છે. પણ બહેન ભાઈને ખવડાવતી હોય તેવા કિસ્સા નાનપણથી માંડીને મોટી ઉંમરના થયા પછી પણ જોવા મળે છે. આમ જાણે કે બહેનને ભાઈને ખખડાવવાનો જન્મસિદ્ધ અધિકાર હોય તેમ લાગે છે. બીજી રીતે કહો તો, જેને પ્રેમ હોય, જેનામાં ત્યાગ-સમર્પણ વધારે હોય તેને જ બીજાને ખખડાવવાનો અધિકાર વધારે હોય તે સ્વાભાવિક છે. માટે બહેનોને ભાઈઓને ખખડાવવાનો અધિકાર છે.

ભાઈ-બહેનના હેતની રીતે જોતાં આ બાબત આપણને આપણી સંસ્કૃતિ માટે ગૌરવ અપાવે છે. આમ છતાં સમાજને સારી રીતે આગળ વધારવા માંગતા સૌ નાગરિકોએ એ વાતને સ્વીકારવી પડશે જ કે, સ્ત્રી પુરુષ એ સમાજના બે પૈડાં છે. બંનેને સમતોલ વિકાસ થાય તે જરૂરી છે. બહેનના ભોગે અભ્યાસ કરતો ભાઈ સમાજના નીચલા કે મધ્યમ વર્ગમાં જ જોવા મળે છે. પણ સમાજમાં સર્વાંગી વિકાસ માટે આ નીચલા કે મધ્યમવર્ગને અવગણી શકાય નહીં. માટે જ બહેન ભલે ભાઈ પર હેતની હેલી વરસાવે, પણ એક વાલીએ એક નાગરિક તરીકે છોકરીઓના સર્વાંગી અને ઉચ્ચ વિકાસ માટે પૂરતા પ્રયત્નો કરવા જોઈએ. છોકરીઓ ભોગે છોકરાના વિકાસ કરવાની સમાજ કયારેય ઉચ્ચ ગણાતી આદર્શ સ્થિતિ પર પહોંચી શકશે નહીં. આ માટે સમાજના સૌ નાગરિકોએ વધુ જાગૃત થઈને, પોતાનો વિકાસ રુધીને પણ ભાઈઓનો વિકાસ કરતી બહેનોના માર્ગમાં અવરોધક બનવાનું છે. બહેન - દીકરરીઓને સમજવાની છે, તેનો પૂરતો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવાના છે. આ કામ માત્ર વિચાર કરવાથી જ નહીં પણ પૂરી નિષ્ઠા સાથેની ઈચ્છાશક્તિથી પૂરતા વિશ્વાસ સાથેના પ્રયત્નોથી થશે.